સ્વાસ્થ્ય અને પરીવાર કલ્યાણ મંત્રાલય,
ભારત સરકાર

NATIONAL HEALTH MISSION
રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન


# વારંવાર પૂછાતા પ્રશ્નો

## ફ્રન્ટલાઈન આરોગ્ય કાર્યકરો માટે





# PNEUMOCOCCAL CONJUGATE VACCINE (PCV)








રસીકરણ વિભાગ
સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય
ભારત સરકાર
જાન્યુઆરી 2021

Be Wise!
Get your child fully immunized

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

# ફ્રન્ટલાઈન આરોગ્ય કાર્યકરો માટે PCV પરિચય બાબતે વારંવાર પૂછાતા પ્રશ્નો

### સવાલ ૧. ન્યુમોકોકલ રોગ સામે રક્ષણ માટે સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ (UIP) માં કઈ રસીની શરૂઆત કરવામાં આવી રહી છે?

ન્યુમોકોકલ રોગ સામે બાળકો ના રક્ષણ માટે UIP મા ન્યુમોકોકલ કોંજુગેટ વેક્સીન (PCV) ની શરૂઆત થઈ રહી છે.

### સવાલ ૨. ન્યુમોકોકલ રોગ શું છે?

ન્યુમોકોકલ રોગ એ સ્ટ્રેપ્ટોકોકસ ન્યુમોનીએ (ન્યુમોકોકસ તરીકે પણ ઓળખાય છે) નામના જીવાણુ દ્વારા થનાર રોગ ના સમૂહ નું નામ છે. ન્યુમોકોકસ જીવાણુ શરીરના અલગ-અલગ ભાગોમાં ફેલાઈ ને અનેક પ્રકારના રોગોનું કારણ બની શકે છે. પાંચ વર્ષથી નીચેના બાળકો માં બેક્ટેરિયલ ન્યુમોનિયા નું મુખ્ય કારણ સ્ટ્રેપ્ટોકોકસ ન્યુમોનિયા છે.

### સવાલ ૩. ન્યુમોકોકલ ન્યુમોનિયા શું છે?

ન્યુમોકોકલ ન્યુમોનિયા એ એક પ્રકારનો તીવ્ર શ્વાસોચ્છવાસ ને લગતો ચેપ છે જે ફેફસામાં બળતરા અને પ્રવાહીના સંચય નું કારણ બને છે. તે શ્વાસ લેવું મુશ્કેલ કરે છે અને ઓક્સિજનના સેવનને મર્યાદિત કરે છે. આના મુખ્ય લક્ષણો છે ઉધરસ, છાતીનું અંદર ખેંચાવું, શ્વાસ લેવામાં તકલીફ, તીવ્ર શ્વાસ અને ગળામાં સસણી બોલવી. જો શિશુ ગંભીર રીતે બીમાર હોય તો, તેને ખાવા-પીવામાં તકલીફ રહે છે, તેમને આંચકી આવી શકે છે, બેભાન થઈ શકે છે અને તેનું મૃત્યુ પણ થઈ શકે છે.

### સવાલ ૪. આપણે ન્યુમોકોકલ રોગ સામે બાળકોનું શા માટે રસીકરણ કરીએ છીએ?

PCVનું રસીકરણ બાળકોમાં ન્યુમોકોકલ રોગો અને તેના દ્વારા થતા મૃત્યુને અટકાવી શકે છે. બે વર્ષથી નાનાં બાળકોમાં ગંભીર ન્યુમોકોકલ રોગનું જોખમ રહે છે પણ એનું સૌથી વધારે જોખમ એક વર્ષથી નાનાં બાળકોમાં હોય છે. શિશુઓનું રસીકરણ ન કેવળ શિશુની રક્ષા કરશે પણ પેથોજનના પરિભ્રમણ ને ઘટાડીને સમાજના લોકોમાં ન્યુમોકોકલ રોગના જોખમને પણ ઘટાડશે. ન્યુમોકોકલ રોગને અટકાવવા માટે રસીકરણ એ એક અગત્યનો ઉપાય છે.

### સવાલ ૫. ન્યુમોકોકસથી કયા રોગો થાય છે?

ન્યુમોકોકલ સંક્રમણના કારણે ગંભીર રોગો જેવા કે મેનિન્જાઇટિસ, સેપ્ટિસીમિયા અને ન્યુમોનિયા સાથે સાથે સાઈનોસાઈટિસ જેવા મંદ પણ વધારે સામાન્ય રોગો પણ થઈ શકે છે.


### ન્યુમોકોકસના કારણે કયા રોગો થાય છે?

**ઓટિટિસ અને સાઈનોસાઈટિસ**

- તાવ
- કાનમાંથી સ્ત્રાવ અને દુખાવો
- સાઈનસમાં દુખાવો અને / અથવા નાકમાંથી સતત સ્ત્રાવ થવો

**ન્યુમોનિયા**

- તાવ
- ઠંડી
- ઉધરસ
- શ્વાસ દર વધી જવો
- છાતીનું અંદર ખેંચાવું



**મેનિનજાઈટીસ**

- તાવ
- માથાનો દુખાવો
- પ્રકાશ પ્રત્યે સંવેદનશીલતા
- ગળાનું અકડાઈ જવું
- આંચકી
- ક્યારેક ગૂંચવણ અથવા બદલાયેલ સભાનતા

**બેક્ટેરેમિયા, સેપ્સિસ**

- તાવ
- ઠંડી
- બદલાયેલ સભાનતા
- સેપ્ટિક શોક

## સવાલ ૬. ન્યુમોકોકલ રોગ કેવી રીતે ફેલાય છે?


**ન્યુમોકોકલ રોગ એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી શ્વાસોચ્છવાસ દ્વારા ફેલાય છે (જેમકે ખાંસી અથવા છીંક ખાવાથી).**

## સવાલ ૭. ન્યુમોકોકલ રોગ કેટલો સામાન્ય છે?

**ન્યુમોકોકલ રોગ લોકોમાં સૌથી મોટી સ્વાસ્થ્ય સમસ્યા છે. તે ન્યુમોકોકલ ન્યુમોનિયા નું સૌથી મુખ્ય કારણ છે. ભારતમાં ન્યુમોકોકલ ન્યુમોનિયા ના કારણે ૨૦૧૦માં આશરે ૧૦૫,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા.**


### ભારતમાં ન્યુમોકોકલ ન્યુમોનિયા ના અનુમાનિત બનાવો અને મૃત્યુઆંક, ૨૦૧૦

ગંભીર ન્યુમોનિયાના બનાવો (૩૬ લાખ)




- ન્યુમોકોકલ ન્યુમોનિયા
- ન્યુમોનિયાના બીજા કારણો

ન્યુમોનિયાના તમામ કારણોસર મૃત્યુઆંક (૩.૫ લાખ)





- ન્યુમોકોકલ ન્યુમોનિયા ના કારણે મૃત્યુ
- ન્યુમોનિયાના બીજા કારણોસર મૃત્યુ

## સવાલ ૮. ન્યુમોકોકલ રોગનું સૌથી વધારે જોખમ કોને છે?

મોટાભાગના તંદુરસ્ત લોકો આ ચેપ વિરુદ્ધ તેમની કુદરતી રોગપ્રતિકારક શકિત દ્વારા લડી શકે છે. સૌથી વધારે જોખમ નાના બાળકો અને વૃદ્ધ લોકોને હોય છે.

નીચે દર્શાવેલ બાળકોને ન્યુમોકોકલ રોગનું જોખમ સૌથી વધારે હોય છે:

- જે બાળકો પાંચ વર્ષથી નાની ઉંમરના હોય છે અને ખાસ કરીને બે વર્ષથી નાની ઉંમરના બાળકોને આ રોગ થવાનું અને તેનાથી મૃત્યુ થવાનું જોખમ સૌથી વધારે હોય છે.
- જે બાળકોની રોગ પ્રતિકારક શક્તિ જોખમમાં મુકાઈ હોય છે (લક્ષણવાળું HIV રોગનો ચેપ, સિકલ સેલ રોગ, મૂત્રપિંડ સંબંધી રોગો (દા.ત. નેફ્રોટિક સિન્ડ્રોમ), અથવા જેમને ભૂતકાળમાં ઈન્ફ્લુએન્ઝા અથવા શ્વાસના બીજા કોઈ વાયરસનો ચેપ લાગ્યો હોય છે.
- શિશુઓ અને બાળકો જે વધારાના જોખમના પરિબળો ધરાવે છે જેવા કે: કુપોષણ, સ્તનપાનનો અભાવ, અંદરના ધુમાડાના સંપર્કમાં આવનારા અને ગીચ વસ્તીમાં રહેનારા.
- નબળી આરોગ્ય સુવિધાઓ વાળી ગરીબ અને સીમિત વસ્તી.




## સવાલ ૯. ન્યુમોકોકલ કોંજૂગેટ વેક્સિન શું છે?

PCV છ અઠવાડિયાની ઉંમરથી જ્યારે શિશુઓને રોગનું જોખમ સૌથી વધારે હોય છે તે સમયથી બાળકોની રક્ષા કરે છે. આ રસી ન્યુમોકોકલ રોગના સૌથી ગંભીર પ્રકાર જેવા કે ન્યુમોનિયા, મેનિન્જાઈટિસ અને બેક્ટેરેમિયા વિરુદ્ધ રક્ષા કરે છે. પરંતુ એ વસ્તુ ધ્યાનમાં લેવી કે તે ન્યુમોકોકસ સિવાય બીજા કોઈ કારણોસર પેદા થનાર આવી પરિસ્થિતિ વિરુદ્ધ રક્ષણ કરતી નથી.

## સવાલ ૧૦. શું ન્યુમોકોકલ રોગની સારવાર થઈ શકે છે?

હા અને ફ્રન્ટલાઈન આરોગ્ય કર્મચારીઓ તેના કેસીસ ઓળખવામાં તાલીમબધ્ધ હોવા જોઈએ અને તેઓએ તેમને પરીક્ષણ અને સારવાર માટે આરોગ્ય સુવિધાઓ તરફ દોરવા જોઈએ.

### સવાલ ૧૧. ન્યુમોકોકલ રોગની સારવાર શું છે?

સારવાર પ્રોટોકોલ મુજબ ન્યુમોનિયાના દર્દીઓને એન્ટીબાયોટિક્સ અને સહાયક સંભાળની જરૂર પડે છે. તેની સારવાર કરવા માટે પસંદગીની એન્ટિબાયોટિક એમોક્સિસિલિન છે. સારા પરિણામો મેળવવા માટે પ્રારંભિક રોગ નિદાન અને યોગ્ય સારવાર ખૂબ જ જરૂરી છે.

### સવાલ ૧૨. ન્યુમોકોકલ ન્યુમોનિયાનું નિદાન કેવી રીતે થાય છે?

ન્યુમોકોકલ ન્યુમોનિયાનું નિદાન તબીબી પરીક્ષણ અને એક્સ રે ઈમેજિંગ (જ્યાં એક્સ-રે ની સુવિધા ઉપલબ્ધ હોય) ના આધારે થાય છે.

### સવાલ ૧૩. શું PCVથી ન્યુમોનિયાના બધા પ્રકારથી રક્ષણ મળશે?

PCVથી રસીકરણ બાળકને મુખ્યરૂપે ન્યુમોકોકલ રોગથી બચાવશે. ન્યુમોકોકસ સિવાય બીજા કોઈ તત્વો દ્વારા થનાર ન્યુમોનિયા સામે તે રક્ષણ નહીં કરે.

### સવાલ ૧૪. કયા પ્રકારની PCV ઉપલબ્ધ છે?

PCV, PCV૧૦ અને PCV૧૩ રૂપે ઉપલબ્ધ છે. PCV૧૦ અને PCV૧૩ બંને UIP હેઠળ ઉપલબ્ધ રહેશે.

### સવાલ ૧૫. શું PCV નવી રસી છે?

ના, PCV નવી રસી નથી. રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમમાં ૧૪૬ દેશો PCVનો ઉપયોગ કરે છે.

### સવાલ ૧૬. PCV કયા પ્રકારની છે અને તેનો સંગ્રહ કેવી રીતે કરવામાં આવે છે?

PCV પ્રવાહી રૂપી રસી છે અને તે ૪ અથવા તેથી વધારે ડોઝ ની વાયલમાં ઉપલબ્ધ છે. તે ફ્રિઝ સેન્સિટિવ રસી છે અને તેને ફ્રીઝ ન કરવી જોઈએ. આ વેક્સિન નો +૨°C થી +૮°C ની વચ્ચે ILRના બાસ્કેટમાં સંગ્રહ કરવો જોઈએ. ILRમાં PCVને પેન્ટાવેલન્ટ રસી જોડે રાખવી જોઈએ.




### સવાલ ૧૭. વિવિધ કોલ્ડ પોઈન્ટ્સ વચ્ચે PCVને કેવી રીતે પહોંચાડવામાં આવવું જોઈએ?

UIPની બીજી વેક્સિનની જેમ PCVને કોલ્ડ બોક્સમાં આઈસ પેકની સાથે લઈ જવું જોઈએ.

### સવાલ ૧૮. PCVને રસીકરણ સ્થળો પર કેવી રીતે પહોંચાડવામાં આવવું જોઈએ?

PCVને વેક્સિન કેરિયરમાં બીજી રસી સાથે ચાર કન્ડીશન્ડ આઈસ પેક્સ સાથે મોકલવામાં આવવી જોઈએ.

## સવાલ ૧૯. શું PCV ની વાયલ માટે વેકસીન વાયલ મોનીટર (VVM) હશે?

હા, PCVની વાયલ માટે વેકસીન વાયલ મોનીટર (VVM) હશે.

## સવાલ ૨૦. UIP માં દરેક PCV ની વાયલમાં કેટલા ડોઝ હોય છે?

UIPમાં દરેક PCVની વાયલમાં ચાર અથવા તેથી વધુ ડોઝ હશે.

## સવાલ ૨૧. શું PCV પર ઓપન વાયલ પોલીસી લાગુ થશે?

હા, PCV પર ઓપન વાયલ પોલીસી લાગુ થશે, જે આપણને વેક્સિનનો વેસ્ટેજ અટકાવવામાં મદદ કરશે.

## સવાલ ૨૨. PCV આપવા માટેની પાત્રતા માપદંડ શું છે?

- જે બાળકો રસીકરણ માટે ૬ અઠવાડિયાની ઉંમરે અથવા OPV-૧ & Penta-૧ ના પહેલા ડોઝ માટે આવે છે, તે બીજી સુનિશ્ચિત રસીની સાથે-સાથે PCV-૧ માટે યોગ્ય છે.
- જે બાળકે PCV–૧ મેળવેલી છે, તે ૧૪ અઠવાડિયા પછી PCV–૨ માટે યોગ્ય છે.
- જે બાળકે PCV–૨ મેળવેલી છે, તે ૯ મહિના પછી PCV બુસ્ટર ડોઝ માટે યોગ્ય છે.
- તમામ બાળકો જે સમય કરતાં પહેલાં જન્મ્યા હતા, જેમની રોગપ્રતિકારક ક્ષમતા નબળી છે અથવા જેમને કુપોષણ છે, તે PCV મેળવી શકે છે.
- માત્ર એવા બાળકો જેમને વેક્સિનના ઘટકોથી એલર્જી છે અથવા ભૂતકાળમાં PCV થી એલર્જીક પ્રતિક્રિયા થઈ હોય, તેમણે રસીકરણ પ્રાપ્ત ન કરવું જોઈએ.
- એક વર્ષથી વધારે મોડા પડ્યા હોય તેવી બાબત માં બાળકને મળવાપાત્ર ડોઝ તો જ મળવા જોઈએ, જો તેણે તેના પહેલા જન્મ દિવસ પહેલાં PCV નો ઓછામાં ઓછો એક ડોઝ મેળવ્યો હોય.

## સવાલ ૨૩. શું PCV મોંઘી છે?

- ખાનગી ક્ષેત્રમાં PCV એક મોંઘી વેક્સિન છે.
- ભારત સરકારના UIP હેઠળ સ્થાનિક અને દૂરના રસીકરણ કેન્દ્રોમાં બધા જ લાયકાત ધરાવતા બાળકોને મફતમાં PCV આપવામાં આવશે.

## સવાલ ૨૪. PCVનો વેસ્ટેજ રેટ કેટલો હોવો જોઈએ?


PCVનો વેસ્ટેજ રેટ ૧0% કરતાં ઓછો હોવો જોઈએ.

## સવાલ ૨૫. PCVનું રસીકરણ સમયપત્રક શું છે?

PCV ૬ અઠવાડિયા, ૧૪ અઠવાડિયા અને ૯ મહિનાની ઉંમરે, એમ ત્રણ ડોઝમાં આપવામાં આવશે (૨ મુખ્ય ડોઝ અને ૧ બુસ્ટર).

| ઉંમર | PCVના પરિચય પછી રસીકરણ અનુસૂચિ |
|---|---|
| ૬ અઠવાડિયા | OPV-૧, પેન્ટાવેલેન્ટ-૧, રોટા-૧, fIPV-૧, PCV-૧ |
| ૧૪ અઠવાડિયા | OPV-3, પેન્ટાવેલેન્ટ-3, રોટા-3, fIPV-૨, PCV-૨ |
| ૯ મહિના | MR-૧, JE-૧*, PCV બુસ્ટર ડોઝ |

*JE in endemic districts




## સવાલ ૨૬. PCV આપવાનો અનુક્રમ શું હશે?

OPV: ઓરલ પોલીયો વેક્સિન ➔ RVV: રોટાવાઈરસ વેક્સિન ➔ fIPV: ફ્રેક્ષનલ-ડોઝ IPV ➔ PCV: ન્યુમોકોકલ કોંજુગેટ વેક્સીન ➔ Penta: પેન્ટાવેલેન્ટ વેક્સિન.

### PCV Vaccination Schedule




OPV: oral polio vaccine; Rota: rotavirus vaccine; fIPV: fractional-dose IPV; PCV: pneumococcal conjugate vaccine; Penta: pentavalent vaccine; Vit A: Vitamin A; JE: Japanese Encephalitis vaccine; MR: measles-rubella
- JE in endemic districts

## સવાલ ૨૭. PCVનો પહેલો ડોઝ આપવાની મહત્તમ ઉંમર મર્યાદા શું છે?

PCV નો પહેલો ડોઝ આપવાની મહત્તમ ઉંમર મર્યાદા એક વર્ષ છે.

## સવાલ ૨૮. જો PCV વેક્સિન આપવામાં મોડું થઈ જાય, તો શું કરવું જોઈએ?

- PCV ના બે મુખ્ય ડોઝ અને એક બુસ્ટર ડોઝ બાળકના પહેલા વર્ષમાં આપવામાં આવવા જોઈએ.
- જો પહેલા વર્ષમાં ડોઝ લેવા અથવા આપવામાં મોડું થઈ જાય, તો
  - આવતી સુનિશ્ચિત રસીકરણની મુલાકાત વખતે ડોઝ (મુખ્ય અને બુસ્ટર બંને) ઓછામાં ઓછા ૮ અઠવાડિયાના અંતરે આપવામાં આવવા જોઈએ.
- એક વર્ષથી વધારે મોડું થયું હોય તેવી બાબત માં
  - બાકીના ડોઝ તો જ બાળકને આપી શકાય જો તેના પહેલા જન્મદિવસ પહેલા તેને ઓછામાં ઓછો એક ડોઝ પ્રાપ્ત થયો હોય.
  - PCVનો ઓછામાં ઓછો એક ડોઝ મેળવેલા બાળક માટે રસીકરણની શ્રેણી વહેલી તકે પૂરી કરી દેવામાં આવવી જોઈએ.

## સવાલ ૨૯. PCV ઈન્જેક્શન શરીરના કયા ભાગમાં, કેવી રીતે અને કેટલા ડોઝમાં આપવામાં આવવું જોઈએ?

- ડોઝ – 0.૫ ml
- ઈન્ટ્રામસ્ક્યુલર (intramuscular)
- જમણી જાંઘના મધ્ય ભાગમાં આગળ અને સાઈડ વાળા ભાગની વચ્ચે (anterolateral aspect of the right mid-thigh)

જો બાળકની એક જ જાંઘ પર બે અથવા વધારે રસી આપવી હોય તો તે બન્નેની વચ્ચે ઓછામાં ઓછું ૨.૫ સેન્ટીમીટર (૧ ઇંચ) નું અંતર રાખવું જોઈએ.



**નીચેના પગલાઓ બાળક (શિશુ) ને જાંઘમાં ઈન્ટ્રા મુસ્ક્યુલર ઈન્જેક્શન આપવા માટે કેવી રીતે પકડવું તે વિગતવાર બતાવે છે.**

- બાળકને ખોળામાં રાખો.
- બાળકની પાછળથી એક હાથ આગળ લાવીને તેનાથી બાળકનો એક હાથ સુરક્ષિત અને ભેટવાની અવસ્થામાં હળવા દબાણથી પકડી રાખો.
- બીજા હાથથી બાળકનો બીજો હાથ હળવેથી પણ સુરક્ષિત રીતે પકડી રાખો.
- બાળકના પગ મજબૂતાઈથી જાંઘ વચ્ચેથી પકડો.

## સવાલ 30. શું PCV સુરક્ષિત છે?

હા, નબળી રોગપ્રતિકારક શક્તિ વાળા લોકોની સાથે સાથે PCV રસીકરણ માટે બધા જ લક્ષ્યાંક જૂથોમાં સુરક્ષિત ગણવામાં આવે છે. PCV જૂન 2020ના અંત સુધીમાં 146 દેશોના રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમમાં દાખલ કરવામાં આવેલ છે.

## સવાલ ૩૧. શું PCV ની કોઈ આડઅસર છે?

PCV એક સુરક્ષિત અને સારી રીતે સ્વીકારવામાં આવેલી વેક્સિન છે. વેક્સિનની અત્યાર સુધીમાં કોઇ ગંભીર આડઅસર કે અનિચ્છનીય બનાવ બહુ જ દુર્લભ છે. હળવી આડઅસરો જેમ કે ઈન્જેક્શનની જગ્યા પર દુખાવો અને તાવ આવી શકે છે. દર્શાવ્યા પ્રમાણે, જો બાળકને તાવ આવે તો તેને પેરાસીટામોલ નો એક ડોઝ આપી શકાય.

## સવાલ ૩૨. શું PCV પ્રીમેચ્યોર (ગર્ભાવસ્થાના ૩૭ અઠવાડિયાં પહેલાં જન્મેલા) બાળકને આપી શકાય છે?

હા, પ્રીમેચ્યોર બાળકને ૬ અઠવાડિયે અથવા તેથી વધારેની ઉંમરે રસી આપી શકાય અને આપવામાં આવવી જોઈએ.

હા, પ્રીમેચ્યોર બાળકનું રસીકરણ દોઢ મહિનાની (૬ અઠવાડિયાં) ઉંમરે અથવા તબીબી રૂપે દોઢ મહિના (૬ અઠવાડિયાં) પછી જ્યારે પણ શક્ય હોય ત્યારે ચાલુ કરી શકાય અને ચાલુ કરી દેવામાં આવવું જોઈએ.

## સવાલ ૩૩. શું બીમાર બાળકને PCV આપી શકાય?

હા, PCV નબળી રોગપ્રતિકારક શક્તિ વાળા (દા. ત. HIV/AIDS, જન્મજાત અથવા સંપાદિત નબળી રોગપ્રતિકારક શક્તિ, સિકલ સેલ રોગ), કુપોષિત અથવા કોઈપણ બીજા રોગો વાળા બાળકને અન્ય બાળકોની જેમ જ સુરક્ષિત રૂપે આપી શકાય. આવા બાળકોને PCVની જરૂર સૌથી વધારે હોય છે કારણ કે તેમને ન્યુમોકોકલ રોગ થવાનું જોખમ વધારે હોય છે. માઈલ્ડ એક્યુટ રોગ ધરાવતા બાળકોને PCV દ્વારા સમયસર રસીકરણ આપી શકાય અને આપવું જોઈએ.

## સવાલ ૩૪. શું PCV નબળી રોગપ્રતિકારક શક્તિ વાળા બાળકને આપી શકાય?

હા, PCV નબળી રોગપ્રતિકારક શક્તિ વાળા (દા. ત. HIV/AIDS, જન્મજાત અથવા સંપાદિત નબળી રોગપ્રતિકારક શક્તિ, સિકલ સેલ રોગ), કુપોષિત અથવા કોઈપણ બીજા અંતર્ગત રોગો વાળા બાળકને અન્ય બાળકોની જેમ જ સુરક્ષિત રૂપે આપી શકાય. આવા બાળકોને PCVની જરૂર સૌથી વધારે હોય છે કારણ કે તેમને ન્યુમોકોકલ રોગ થવાનું જોખમ વધારે હોય છે.

## સવાલ ૩૫. PCV vaccine કેવી પરિસ્થિતિ વાળા લોકો ને ન આપવી જોઈએ?

ન્યુમોકોકલ વેક્સિન નીચે મુજબની પરિસ્થિતિવાળા બાળકોને/લાભાર્થીને ન આપવી જોઈએ:


- જેમને પહેલા ડોઝમાં સખત એલર્જીક પ્રતિક્રિયાઓ થઈ હોય.
- જેમને ડિફ્થેરિયા ટોકસોઈડ ધરાવનારી બીજી કોઈ રસીથી સખત રીએક્શન થયુ હોય.
- જેમને સખત તાવ હોય તેમનું રસીકરણ તેમની પરિસ્થિતિ સુધરવા સુધી ટાળવું જોઈએ.

## સવાલ ૩૬. રસીકરણ સ્થળ પર કઈ રસી આઈસ પેક સાથે રાખવી જોઈએ?

નિયમિત રસીકરણ માર્ગદર્શિકા મુજબ આરોગ્ય કર્મચારીઓથી એવી અપેક્ષા હોય છે કે તેઓ રસીકરણ કેન્દ્ર પર એક આઈસ પેક કાઢી લે અને તેનો ઉપયોગ એવી રસી માટે કરે જે ગરમીથી સંવેદનશીલ હોય.

આઈસ પેક પર: BCG અને મિઝલ્સ રૂબેલા (આઈસ પેક પર બનેલી ગોળ જગ્યા પર). OPV, RVV અને JE રસી આઈસ પેકની સપાટી પર રાખવી જોઈએ.

યાદ રાખો – ઠંડીથી સંવેદનશીલ રસીની વાયલ જેમકે fIPV, Td, DPT, પેન્ટાવેલેન્ટ અને PCV ક્યારેય પણ આઈસ પેકની સાથે ન રાખવી જોઈએ.




## સવાલ ૩૭. થીજી ગયેલી PCV ની વાયલ મળે તો શું કરવું જોઈએ?

PCV ફ્રીઝ સેન્સીટીવ વેક્સિન છે. જો તમને PCVની થીજી ગયેલી વાયલ મળે, તો તેનો ઉપયોગ ન કરવો.

DPT, પેન્ટાવેલેન્ટ, Td, Hep B અને PCVની શંકાસ્પદ થીજી ગયેલી વાયલ શેક ટેસ્ટ પ્રક્રિયા દ્વારા ચકાસવી જોઈએ.

## સવાલ ૩૮. માતા-પિતા અથવા સાર સંભાળ રાખનારા લોકોને શું સંદેશો આપવો જોઈએ?

માતા-પિતા/ સાર સંભાળ રાખનારા લોકોને ચાર મુખ્ય સંદેશા આપવા જોઈએ.



### સાર સંભાળ રાખનાર લોકો માટે ચાર સંદેશ

- કઈ રસી મૂકવામાં આવી હતી અને તે કયા રોગો અટકાવે છે?
- કઈ સામાન્ય આડઅસર થઇ શકે છે અને તેને કેવી રીતે મેનેજ કરવી?
- આગામી મુલાકાત માટે ક્યાં અને ક્યારે આવવું?
- રસીકરણ કાર્ડ તેમની પાસે સુરક્ષિત રીતે રાખવું અને આગામી મુલાકાત વખતે સાથે લઈ આવવું.

## સવાલ ૩૯. કઈ સરકારી આરોગ્ય સંસ્થાઓ આપણા દેશમાં PCV પ્રદાન કરશે?

PCV દરેક સરકારી હોસ્પિટલ, દવાખાના, PHCs, UPHC, CHCs, પેટા કેન્દ્રો અને મમતા સેશનમાં નિયમિત રસીકરણ સત્ર થકી વિનામૂલ્યે પ્રદાન કરવામાં આવશે. ઘેર-ઘેર જઈને PCV આપવાનું અભિયાન ચલાવવામાં નહીં આવે.

## સવાલ ૪૦. જે રાજ્યોમાં તેમની અનુસૂચિમા હજુ સુધી PCV દાખલ કરવામાં નથી આવી, ત્યાંથી આવતા બાળકોને PCV આપી શકાય?

હા, વર્તમાન માર્ગદર્શિકા મુજબ કોઈ પણ બાળકને તેમના રાજ્યને ધ્યાનમાં રાખ્યા વગર PCV આપી શકાય.

## સવાલ ૪૧. શું PCVને સઘન/મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત આપવામાં આવશે?


હા, PCV સઘન/મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત નિયમિત રીતે રસીકરણની માર્ગદર્શિકા મુજબ આપવામાં આવશે.

## સવાલ ૪૨. મમતા કાર્ડમાં PCVનો ડોઝ ક્યાં નોંધવામાં આવશે?

મમતા કાર્ડને ઇમ્યુનાઈઝેશન ભાગ ૬ અઠવાડિએ, ૧૪ અઠવાડિએ અને ૯ મહિને PCVની અનુસૂચિ (2 મુખ્ય ડોઝ અને 1 બુસ્ટર ડોઝ) નો સમાવેશ કરવા માટે પુનરાવર્તિત કરવામાં આવેલ છે.

## સવાલ ૪૩. શું PCV ASHAનો પૂર્ણ ઈમ્યુનાઈઝેશન ઈન્સેન્ટીવનો ભાગ હશે?

હા, PCV રાષ્ટ્રીય ઈમ્યુનાઈઝેશન અનુસૂચિનો ભાગ હશે. પૂર્ણ ઈમ્યુનાઈઝેશન થયે, જો બાળકે અનુસૂચિ પ્રમાણે જરૂરી તમામ રસી (૧ વર્ષ ની અંદર) પ્રાપ્ત કરી લીધી હશે તો આશાબહેન ઈન્સેન્ટીવને પાત્ર ગણાશે.




## સવાલ ૪૪. બાળકોને એક મુલાકાતમાં એક કરતાં વધારે ઈન્જેક્શનની જરૂર કેમ પડે છે?

એક જ મુલાકાતમાં અનેક રસી આપવાથી બાળક વહેલી તકે ઇમ્યુનાઈઝ થઈ શકે છે, જે બાળકને તેના શરૂઆતના નબળા મહિનાઓમાં સુરક્ષિત રાખે છે. સાથે-સાથે એક મુલાકાતમાં અનેક રસી આપવાથી રસીકરણ ની મુલાકાતો પણ ઘટી જશે.

## સવાલ ૪૫. શું એક જ મુલાકાતમાં અનેક ઈન્જેક્શન આપવા સુરક્ષિત છે?

**રીસર્ચથી જાણવામાં આવ્યું છે કે એક જ મુલાકાત સમયે અનેક રસી આપવાથી આડઅસર થતી નથી.**




*UIP હેઠળ વાપરવામાં આવતી PCV ૧૩ ચાર ડોઝ ની વાયલ માં પૂરી પાડવામાં આવે છે.

### યાદ રાખો

- PCV એક ફ્રીઝ સેન્સીટીવ વેક્સિન છે.
- બધી રસી VVM સાથે આવે છે - ઉપયોગ કરતા પહેલા VVM ચકાસો.
- ઓપન વાયલ પોલીસીના ભાગરૂપે બધી જ અધૂરી વાયલ તે જ દિવસે વેક્સિન સંગ્રહ કેન્દ્ર પર પાછી મોકલી આપવામાં આવવી જોઈએ.
- PCV એક મોંઘી વેક્સિન છે.
- UIP હેઠળ તે બાળકોને વિનામૂલ્યે પ્રદાન કરવામાં આવશે.


### જો PCV જામી ગયેલી મળે તો

- તેનો ઉપયોગ ન કરો
- વાયલ પર નીચે બતાવ્યા પ્રમાણે નિશાન કરો
- માર્ગદર્શિકા પ્રમાણે રસીને ફેંકી દો
- MO ઈન્ચાર્જ અને કોલ્ડ ચેઈન હેન્ડલરને જાણ કરો

# ન્યુમોકોકલ કોંજૂગેટ વેકસીન (PCV) વિશે મુખ્ય મુદ્દાઓ

## ASHA, AWW અને બીજા મોબિલાઈઝર્સ માટે

- એક નવી રસી – ન્યુમોકોકલ કોંજૂગેટ વેક્સીન (PCV) યુનિવર્સલ ઇમ્યુનાઈઝેશન કાર્યક્રમ (UIP) હેઠળ શામેલ કરવામાં આવી છે. આ રસી ન્યુમોકોકલ ન્યુમોનિયા અને બીજા ન્યુમોકોકલ રોગ વિરુદ્ધ રક્ષણ કરશે.
- ન્યુમોકોકલ ન્યુમોનિયા ફેફસાનો ચેપ છે, જેમાં બાળકને શ્વાસ લેવામાં મુશ્કેલી, છાતીનું અંદર ખેંચાવું, તાવ, ઉધરસ વગેરે થાય છે. ગંભીર પરિસ્થિતિમાં બાળકનું મૃત્યુ પણ થઈ શકે છે.
- ન્યુમોકોકલ રોગ એક માણસ થી બીજા માણસ સુધી શ્વાસોચ્છવાસ દ્વારા ફેલાય છે. દા.ત. ઉધરસ અથવા છીંક.
- ડોઝ: PCV ૬ અઠવાડિયાં, 14 અઠવાડિયાં અને ફરીથી નવ મહિનાની ઉંમરે આપવામાં આવે છે. આપે ખાતરી કરવી પડશે કે બધા જ યોગ્ય બાળકોને ન્યુમોકોકલ રોગ સામે અસરકારક રક્ષણ આપવા માટે ત્રણે-ત્રણ ડોઝ મળે.
- સરકાર સ્થાનિક અને દૂરના ઇમ્યુનાઈઝેશન સ્થળો પર વિનામૂલ્યે આ વેક્સિન પ્રદાન કરે છે.
- વેક્સિન કેવી રીતે આપવી: વેક્સિન ઈન્ટ્રા-મસ્ક્યુલર ઇન્જેક્શન દ્વારા બાળકની જમણી જાંઘ ના મધ્યમાં આપવામાં આવશે.
- માતા-પિતા/ સાર સંભાળ રાખનારા લોકોને આગામી સત્રની તારીખ અને સ્થળ બાબતે જાણ કરવામાં આવવી જોઈએ અને જ્યારે તેઓ આગામી ડોઝ માટે ઇમ્યુનાઈઝેશન સત્રની મુલાકાત લે તે લોકોએ MCP કાર્ડ સાથે લાવવાનું રહેશે.
- રસીકરણ પછી જો બાળકને કોઈ પણ આડઅસર થાય, તો કૃપા કરીને ANM અને તબીબી અધિકારીને જાણ કરો અને બાળકને નજીકના કોઈ પણ આરોગ્ય કેન્દ્ર અથવા જિલ્લા હોસ્પિટલમાં સારવાર માટે રીફર કરવા.





**ખાતરી કરો કે આપના વિસ્તારના બધા જ બાળકો ન્યુમોકોકલ ન્યુમોનિયા અને બીજા ન્યુમોકોકલ રોગ સામે પૂર્ણ રીતે સુરક્ષિત રહેવા માટે ન્યુમોકોકલ કોંજૂગેટ વેકસીન (PCV) ના ત્રણે-ત્રણ ડોઝ પ્રાપ્ત કરે.**

Be Wise! Get your child fully immunized

# ન્યુમોકોકલ કોંજૂગેટ વેક્સીન (PCV) વિશે મુખ્ય મુદ્દાઓ

## ASHA, AWW અને બીજા મોબિલાઈઝર્સ માટે

- એક નવી રસી – ન્યુમોકોકલ કોંજૂગેટ વેક્સીન (PCV) યુનિવર્સલ ઇમ્યુનાઈઝેશન કાર્યક્રમ (UIP) હેઠળ શામેલ કરવામાં આવી છે. આ રસી ન્યુમોકોકલ ન્યુમોનિયા અને બીજા ન્યુમોકોકલ રોગ વિરુદ્ધ રક્ષણ કરશે.
- ન્યુમોકોકલ ન્યુમોનિયા ફેફસાનો ચેપ છે, જેમાં બાળકને શ્વાસ લેવામાં મુશ્કેલી, છાતીનું અંદર ખેંચાવું, તાવ, ઉધરસ વગેરે થાય છે. ગંભીર પરિસ્થિતિમાં બાળકનું મૃત્યુ પણ થઈ શકે છે.
- ન્યુમોકોકલ રોગ એક માણસ થી બીજા માણસ સુધી શ્વાસોચ્છવાસ દ્વારા ફેલાય છે. દા.ત. ઉધરસ અથવા છીંક.
- ડોઝ: PCV ૬ અઠવાડિયાં, 14 અઠવાડિયાં અને ફરીથી નવ મહિનાની ઉંમરે આપવામાં આવે છે. આપે ખાતરી કરવી પડશે કે બધા જ યોગ્ય બાળકોને ન્યુમોકોકલ રોગ સામે અસરકારક રક્ષણ આપવા માટે ત્રણે-ત્રણ ડોઝ મળે.
- સરકાર સ્થાનિક અને દૂરના ઇમ્યુનાઈઝેશન સ્થળો પર વિનામૂલ્યે આ વેક્સિન પ્રદાન કરે છે.
- વેક્સિન કેવી રીતે આપવી: વેક્સિન ઈન્ટ્રા-મસ્ક્યુલર ઈન્જેક્શન દ્વારા બાળકની જમણી જાંઘ ના મધ્યમાં આપવામાં આવશે.
- માતા-પિતા/ સાર સંભાળ રાખનારા લોકોને આગામી સત્રની તારીખ અને સ્થળ બાબતે જાણ કરવામાં આવવી જોઈએ અને જ્યારે તેઓ આગામી ડોઝ માટે ઇમ્યુનાઈઝેશન સત્રની મુલાકાત લે તે લોકોએ MCP કાર્ડ સાથે લાવવાનું રહેશે.
- રસીકરણ પછી જો બાળકને કોઈ પણ આડઅસર થાય, તો કૃપા કરીને ANM અને તબીબી અધિકારીને જાણ કરો અને બાળકને નજીકના કોઈ પણ આરોગ્ય કેન્દ્ર અથવા જિલ્લા હોસ્પિટલમાં સારવાર માટે રીફર કરવા.





**ખાતરી કરો કે આપના વિસ્તારના બધા જ બાળકો ન્યુમોકોકલ ન્યુમોનિયા અને બીજા ન્યુમોકોકલ રોગ સામે પૂર્ણ રીતે સુરક્ષિત રહેવા માટે ન્યુમોકોકલ કોંજૂગેટ વેક્સીન (PCV) ના ત્રણે-ત્રણ ડોઝ પ્રાપ્ત કરે.**

# ન્યુમોકોકલ કોંજૂગેટ વેકસીન (PCV) વિશે મુખ્ય મુદ્દાઓ

## ASHA, AWW અને બીજા મોબિલાઈઝર્સ માટે

- એક નવી રસી – ન્યુમોકોકલ કોંજૂગેટ વેક્સીન (PCV) યુનિવર્સલ ઇમ્યુનાઈઝેશન કાર્યક્રમ (UIP) હેઠળ શામેલ કરવામાં આવી છે. આ રસી ન્યુમોકોકલ ન્યુમોનિયા અને બીજા ન્યુમોકોકલ રોગ વિરુદ્ધ રક્ષણ કરશે.
- ન્યુમોકોકલ ન્યુમોનિયા ફેફસાનો ચેપ છે, જેમાં બાળકને શ્વાસ લેવામાં મુશ્કેલી, છાતીનું અંદર ખેંચાવું, તાવ, ઉધરસ વગેરે થાય છે. ગંભીર પરિસ્થિતિમાં બાળકનું મૃત્યુ પણ થઈ શકે છે.
- ન્યુમોકોકલ રોગ એક માણસ થી બીજા માણસ સુધી શ્વાસોચ્છવાસ દ્વારા ફેલાય છે. દા.ત. ઉધરસ અથવા છીંક.
- ડોઝ: PCV ૬ અઠવાડિયાં, 14 અઠવાડિયાં અને ફરીથી નવ મહિનાની ઉંમરે આપવામાં આવે છે. આપે ખાતરી કરવી પડશે કે બધા જ યોગ્ય બાળકોને ન્યુમોકોકલ રોગ સામે અસરકારક રક્ષણ આપવા માટે ત્રણે-ત્રણ ડોઝ મળે.
- સરકાર સ્થાનિક અને દૂરના ઇમ્યુનાઈઝેશન સ્થળો પર વિનામૂલ્યે આ વેક્સિન પ્રદાન કરે છે.
- વેક્સિન કેવી રીતે આપવી: વેક્સિન ઈન્ટ્રા-મસ્ક્યુલર ઈન્જેક્શન દ્વારા બાળકની જમણી જાંઘ ના મધ્યમાં આપવામાં આવશે.
- માતા-પિતા/ સાર સંભાળ રાખનારા લોકોને આગામી સત્રની તારીખ અને સ્થળ બાબતે જાણ કરવામાં આવવી જોઈએ અને જ્યારે તેઓ આગામી ડોઝ માટે ઇમ્યુનાઈઝેશન સત્રની મુલાકાત લે તે લોકોએ MCP કાર્ડ સાથે લાવવાનું રહેશે.
- રસીકરણ પછી જો બાળકને કોઈ પણ આડઅસર થાય, તો કૃપા કરીને ANM અને તબીબી અધિકારીને જાણ કરો અને બાળકને નજીકના કોઈ પણ આરોગ્ય કેન્દ્ર અથવા જિલ્લા હોસ્પિટલમાં સારવાર માટે રીફર કરવા.





**ખાતરી કરો કે આપના વિસ્તારના બધા જ બાળકો ન્યુમોકોકલ ન્યુમોનિયા અને બીજા ન્યુમોકોકલ રોગ સામે પૂર્ણ રીતે સુરક્ષિત રહેવા માટે ન્યુમોકોકલ કોંજૂગેટ વેક્સીન (PCV) ના ત્રણે-ત્રણ ડોઝ પ્રાપ્ત કરે.**

# ન્યુમોકોકલ કોંજૂગેટ વેકસીન (PCV) વિશે મુખ્ય મુદ્દાઓ

## ASHA, AWW અને બીજા મોબિલાઈઝર્સ માટે

- એક નવી રસી – ન્યુમોકોકલ કોંજૂગેટ વેક્સીન (PCV) યુનિવર્સલ ઈમ્યુનાઈઝેશન કાર્યક્રમ (UIP) હેઠળ શામેલ કરવામાં આવી છે. આ રસી ન્યુમોકોકલ ન્યુમોનિયા અને બીજા ન્યુમોકોકલ રોગ વિરુદ્ધ રક્ષણ કરશે.
- ન્યુમોકોકલ ન્યુમોનિયા ફેફસાનો ચેપ છે, જેમાં બાળકને શ્વાસ લેવામાં મુશ્કેલી, છાતીનું અંદર ખેંચાવું, તાવ, ઉધરસ વગેરે થાય છે. ગંભીર પરિસ્થિતિમાં બાળકનું મૃત્યુ પણ થઈ શકે છે.
- ન્યુમોકોકલ રોગ એક માણસ થી બીજા માણસ સુધી શ્વાસોચ્છવાસ દ્વારા ફેલાય છે. દા.ત. ઉધરસ અથવા છીંક.
- ડોઝ: PCV ૬ અઠવાડિયાં, 14 અઠવાડિયાં અને ફરીથી નવ મહિનાની ઉંમરે આપવામાં આવે છે. આપે ખાતરી કરવી પડશે કે બધા જ યોગ્ય બાળકોને ન્યુમોકોકલ રોગ સામે અસરકારક રક્ષણ આપવા માટે ત્રણે-ત્રણ ડોઝ મળે.
- સરકાર સ્થાનિક અને દૂરના ઈમ્યુનાઈઝેશન સ્થળો પર વિનામૂલ્યે આ વેક્સિન પ્રદાન કરે છે.
- વેક્સિન કેવી રીતે આપવી: વેક્સિન ઈન્ટ્રા-મસ્ક્યુલર ઈન્જેક્શન દ્વારા બાળકની જમણી જાંઘ ના મધ્યમાં આપવામાં આવશે.
- માતા-પિતા/ સાર સંભાળ રાખનારા લોકોને આગામી સત્રની તારીખ અને સ્થળ બાબતે જાણ કરવામાં આવવી જોઈએ અને જ્યારે તેઓ આગામી ડોઝ માટે ઈમ્યુનાઈઝેશન સત્રની મુલાકાત લે તે લોકોએ MCP કાર્ડ સાથે લાવવાનું રહેશે.
- રસીકરણ પછી જો બાળકને કોઈ પણ આડઅસર થાય, તો કૃપા કરીને ANM અને તબીબી અધિકારીને જાણ કરો અને બાળકને નજીકના કોઈ પણ આરોગ્ય કેન્દ્ર અથવા જિલ્લા હોસ્પિટલમાં સારવાર માટે રીફર કરવા.





**ખાતરી કરો કે આપના વિસ્તારના બધા જ બાળકો ન્યુમોકોકલ ન્યુમોનિયા અને બીજા ન્યુમોકોકલ રોગ સામે પૂર્ણ રીતે સુરક્ષિત રહેવા માટે ન્યુમોકોકલ કોંજૂગેટ વેક્સીન (PCV) ના ત્રણે-ત્રણ ડોઝ પ્રાપ્ત કરે.**

# ન્યુમોકોકલ કોંજૂગેટ વેકસીન (PCV) વિશે મુખ્ય મુદ્દાઓ

## ASHA, AWW અને બીજા મોબિલાઈઝર્સ માટે

- એક નવી રસી – ન્યુમોકોકલ કોંજૂગેટ વેક્સીન (PCV) યુનિવર્સલ ઇમ્યુનાઈઝેશન કાર્યક્રમ (UIP) હેઠળ શામેલ કરવામાં આવી છે. આ રસી ન્યુમોકોકલ ન્યુમોનિયા અને બીજા ન્યુમોકોકલ રોગ વિરુદ્ધ રક્ષણ કરશે.
- ન્યુમોકોકલ ન્યુમોનિયા ફેફસાનો ચેપ છે, જેમાં બાળકને શ્વાસ લેવામાં મુશ્કેલી, છાતીનું અંદર ખેંચાવું, તાવ, ઉધરસ વગેરે થાય છે. ગંભીર પરિસ્થિતિમાં બાળકનું મૃત્યુ પણ થઈ શકે છે.
- ન્યુમોકોકલ રોગ એક માણસ થી બીજા માણસ સુધી શ્વાસોચ્છવાસ દ્વારા ફેલાય છે. દા.ત. ઉધરસ અથવા છીંક.
- ડોઝ: PCV ૬ અઠવાડિયાં, 14 અઠવાડિયાં અને ફરીથી નવ મહિનાની ઉંમરે આપવામાં આવે છે. આપે ખાતરી કરવી પડશે કે બધા જ યોગ્ય બાળકોને ન્યુમોકોકલ રોગ સામે અસરકારક રક્ષણ આપવા માટે ત્રણે-ત્રણ ડોઝ મળે.
- સરકાર સ્થાનિક અને દૂરના ઇમ્યુનાઈઝેશન સ્થળો પર વિનામૂલ્યે આ વેક્સિન પ્રદાન કરે છે.
- વેક્સિન કેવી રીતે આપવી: વેક્સિન ઈન્ટ્રા-મસ્ક્યુલર ઈન્જેક્શન દ્વારા બાળકની જમણી જાંઘ ના મધ્યમાં આપવામાં આવશે.
- માતા-પિતા/ સાર સંભાળ રાખનારા લોકોને આગામી સત્રની તારીખ અને સ્થળ બાબતે જાણ કરવામાં આવવી જોઈએ અને જ્યારે તેઓ આગામી ડોઝ માટે ઇમ્યુનાઈઝેશન સત્રની મુલાકાત લે તે લોકોએ MCP કાર્ડ સાથે લાવવાનું રહેશે.
- રસીકરણ પછી જો બાળકને કોઈ પણ આડઅસર થાય, તો કૃપા કરીને ANM અને તબીબી અધિકારીને જાણ કરો અને બાળકને નજીકના કોઈ પણ આરોગ્ય કેન્દ્ર અથવા જિલ્લા હોસ્પિટલમાં સારવાર માટે રીફર કરવા.




**ખાતરી કરો કે આપના વિસ્તારના બધા જ બાળકો ન્યુમોકોકલ ન્યુમોનિયા અને બીજા ન્યુમોકોકલ રોગ સામે પૂર્ણ રીતે સુરક્ષિત રહેવા માટે ન્યુમોકોકલ કોંજૂગેટ વેકસીન (PCV) ના ત્રણે-ત્રણ ડોઝ પ્રાપ્ત કરે.**

# નોંધ

# નોંધ

NATIONAL HEALTH MISSION
राष्ट्रीय स्वास्थ्य मिशन

World Health Organization

unicef

UNDP

ITSU
IMMUNIZATION TECHNICAL SUPPORT UNIT
Ministry of Health & Family Welfare

JSI INDIA